આંક–

અમદાવાદની મજુર અદાલત નં.૫ ના પ્રમુખ અધિકારી શ્રી એસ.બી.શાહ સમક્ષ.
રેફરન્સ (એલ.સી.એ.) ડી.નં. ૧૭/૨૦૦૮

એશીયન પેઈન્ટસ લી.,
બ્લોક નં.૭૯૧/૭૯૩,
આલ્ફા હોટલ સામે,
અસલાલી, તા.દસક્રોઈ,
જી.અમદાવાદ. **પ્રથમ પક્ષકાર.**

**વિરુધ્ધ**

સૂર્યોદય લેબર યુનીયન,
૧૭, ગ્રાઉન્ડ ફલોર, નવગુણ એસ્ટેટ,
વી.એકસપ્રેસ, વિજય ટ્રાન્સપોર્ટ સામે,
કાશીરામ ટેક્ષટાઈલ પાસે,
નારોલ, અમદાવાદ.૩૮૨૪૦૫ **બીજા પક્ષકાર.**

**વિષય:** ધી આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળનો ઔદ્યોગિક વિવાદ.

હાજર રહયા: પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી વી.એસ.પાટીલ.
બીજા પક્ષકાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી એસ.કે.કાઝી.

**:: આંક–૩૩ હેઠળ હુકમ ::**

૧. મુળ શ્રમયોગી તરફે રજુ કરવામાં આવેલી સદરહુ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અત્રેની અદાલત મારફત તા.૮/૭/૨૦૧૪ ના રોજ આંક–૨૩ ઉપર હુકમ કરી પ્રથમ પક્ષકાર સંસ્થાને એવો હુકમ કરવામાં આવેલ છે કે, પ્રથમપક્ષકાર સંસ્થાએ શ્રમયોગીઓન નોકરીની શરતો અનુસાર નોકરી ચાલુ રાખવી અને સંબંધીત કાયદાની જોગવાઈઓનું પાલન કર્યા વગર છુટા કરવા નહીં.તેમ છતાં પ્રથમપક્ષકાર સંસ્થાએ કામદારોને નોકરી ઉપર રાખેલ નથી અને નોકરી ઉપર ચઢતા અટકાવેલ છે અને એ રીતે અદાલતના હુકમનો અનાદર કરેલ છે. અરજદાર વધુમાં જણાવે છે કે, પ્રથમપક્ષકાર સંસ્થા જયાં સુધી આંક–૨૩ ના હુકમનું પાલન ન કરે ત્યાં સુધી સંબંધીત કામદારોને અસ્તિત્વમાં હોય તેવા લઘુત્તમ વેતન દર મુજબ દર માસે વેતન ચુકવી આપે તેવો આદેશ કરી આપવા વિનંતી અરજી કરી છે.

૨. પ્રથમપક્ષકાર સંસ્થાએ સદરહુ અરજીનો આંક–૩૪ થી લેખીત જવાબ રજુ કરેલ છે.અને અરજદારની અરજીની હકીકતનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, અત્રેની

અદાલતે આંક–૨૩ ઉપર જે હુકમ કરેલ છે તે હુકમ મુજબની દાદ મેળવવા માટે કામદારો હકકદાર બનતા નથી કારણકે પ્રથમથી જ સદરહુ કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં નહી પરંતુ સંબંધીત કામદારો કહેવાતા કોન્ટ્રાકટરના કામદારો છે અને તેમને સંસ્થા કામદારો ગણવા માટેની માંગણી રેફરન્સ કેસમાં કરવામાં આવેલ છે.જયાં સુધી રેફરન્સ કેસમાં ટર્મ્સ ઓફ રેફરન્સમાં સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રકારની અરજીનો નિર્ણય થઈ શકે નહી.વધુમાં સદર રેફરન્સ કેસના કામે પ્રથમપક્ષકાર સંસ્થાએ શર્મા રોડ લાઈન્સને પક્ષકાર બનાવવા માટે અરજી આપી છે અને સદર શર્મા રોડ લાઈન્સે સંબંધીત કામદારો તેમના કામદારો છે તેવું કબુલ રાખેલ છે અને તે મતલબની પુરસીસ પણ આપેલ છે. જેથી સમગ્ર હકીકતો જોતાં અરજદારની હાલની અરજી મંજુર થઈ શકે તેમ ન હોય રદ કરવા વિનંતી કરી છે.

૩. અરજી સંબંધે પક્ષકારોના વિ.પ્રતિનિધિશ્રીઓની દલીલો સાંભળવામાં આવી છે.

૪. સમગ્ર હકીકતો જોતાં અત્રેની અદાલતે આંક–૨૩ ઉપર હુકમ કરી પ્રથમપક્ષકાર સંસ્થાને એવો હુકમ કરેલ છે કે " તેઓ જાતે કે તેમના માણસો અથવા કહેવાતા કોન્ટ્રાકટરો મારફત બીજા પક્ષકાર કામદારોની નોકરીની શરતો જે પહેલાં અસ્તિત્વમાં હતી તે શરતોમાં કોઈ ફેરફાર કરવો કરાવવો નહી કે તેમને નોકરી ઉપર ચઢતા અટકાવવા નહી તેમજ સંબંધીત કાયદાની જોગવાઈઓનું પાલન કર્યા વગર છુટા કરવા–કરાવવા નહી તેવો સદર રેફરન્સ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધીનો વચગાળાનો મનાઈહુકમ ફરમાવવામાં આવે છે." મજકુર હુકમ સાથે સમગ્ર કેસની હકીકતો મુજબ પ્રથમપક્ષકાર સંસ્થાનો એવો બચાવ છે કે, સંબંધીત કામદારો તેમના કામદારો નથી પરંતુ કોન્ટ્રાકટરના કામદારો છે . વધુમાં સંબંધીત કાયદાની જોગવાઈઓ જોતાં કલમ–૨(બી) મુજબ એવોર્ડની વ્યાખ્યા કરવામાં આવી છે તે મુજબ એવોર્ડ શબ્દમાં આખરી હુકમ જ નહી પરંતુ વચગાળાનો હુકમનો પણ સમાવેશ થાય છે અને લેબર કોર્ટ અથવા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, નેશનલ ટ્રીબ્યુનલ અને આરબીટ્રેશન એવોર્ડનો પણ સમાવેશ થાય છે.સદરહુ હુકમ વચગાળાનો હુકમ છે અને તેનું પાલન કરવા માટે પ્રથમપક્ષકાર સંસ્થા બંધાયેલ છે તેમ છતાં પણ પ્રથમથી જ જયારે તેમનો એવો બચાવ હોય કે સંબંધીત કામદારો તેમના પોતાના કામદારો નથી પરંતુ કોન્ટ્રાકટરના કામદારો છે.નામ. વિવિધ ઉપલી અદાલતોએ ઘણાં બધા કેસોમાં પ્રસ્થાપિત કરેલ છે કે, કોન્ટ્રાકટરના કામદારો મુળભૂત રીતે કામદારના હકકો અને રક્ષણ માટે પ્રિન્સીપલ એમ્પોલયર તરીકે માલીક પણ તેટલા જ જવાબદાર છે. જો કે હાલના કેસમાં બંને પક્ષકારો તરફથી પુરાવો રેકર્ડ કરવામાં આવેલ નથી. રેફરન્સ કેસ વિવિધ માંગણીઓ માટેનો છે . આ માંગણીઓ પગારવધારાથી માંડી યુનીફોર્મ મેળવવા અંગે છે.

અને તે તમામ માંગણી પ્રથમપક્ષકાર સંસ્થા સંતોષી શકે કે કેમ?તેનો નિર્ણય કરવાનો રહે છે.વધુમાં બીજા પક્ષકાર શ્રમયોગીની આંક–ર૩ ની અરજીનું હાર્દ જોતાં તેમણે કરેલી સુચીત માંગણીના સંદર્ભે તેમને નોકરી ઉપર આવતા અટકાવે તેમ હોય આંક–ર૩ ની અરજી રજુ કરવાની ફરજ પડેલ હોય તેમ જણાતું હોય વચગાળાના હુકમથી શ્રમયોગીઓના હકકોનું રક્ષણ થાય તે અર્થે આંક–ર૩ ઉપર હુકમ ફરમાવવામાં આવેલ. સંબંધીત કાયદાની અન્ય જોગવાઈઓ મુજબ જો વચગાળાના હુકમનું પાલન કરવામાં ન આવે તો અથવા વચગાળાના હુકમ સામે નામ.ઉપલી અદાલતમાં કોઈ અરજી કરી દાદ માંગી હોય તેવું પણ બની શકે તેમજ કહેવાતા કોન્ટ્રાકટરને પક્ષકાર તરીકે જોડવા કે કેમ? તે અંગેનો ન્યાય–નિર્ણય નિર્ણયાધીન હોઈ હાલ પુરતું સદર આંક–૩૩ ની અરજી ઉપર કોઈ હુકમ થઈ શકે નહી. બીજા શબ્દોમાં ઔદ્યોગિક વિવાદ ધારો –૧૯૪૭માં દર્શાવવામાં આવેલ "એવોર્ડ " ની વ્યાખ્યા મુજબ અને તેનું પાલન ન કરવા માટે અથવા એવોર્ડ આધારીત સંબંધીત કોર્ટમાં જરુરી અરજી દાખલ કરી દાદ માંગી શકાય તેમ હોય તેમજ તે મુજબ સંબંધીત અદાલત હુકમ કરી શકે તેમ હોય હાલની અરજી ઉપર નિર્ણય ન કરતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. બીજા પક્ષકાર કામદારોની આંક–૩૩ ની અરજી ઉપરોકત અવલોકન અને ચર્ચા મુજબ નિકાલ કરવામાં આવે છે.

ર. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૩. રેફરન્સ કેસ (એલસીએ)ડી. નં.૧૭/ર૦૦૮ની હવે પછીની સુનાવણી તા. ૧૭/૧૧/ર૦૧૪ ના રોજની મુકરર કરવામાં આવે છે.

તારીખ : ર૦/૧૦/ર૦૧૪ (સંજય બાબુલાલ શાહ)
સ્થળ : અમદાવાદ. પ્રમુખ અધિકારી,
**CODE :GJ00755** લેબર કોર્ટ નં.પ,અમદાવાદ.

***P.N.SHAH,P.A.***